**શ્રી અધિક જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની અદાલતમાં,**
**ભુજ (કચ્છ)**

-::--::--::--::--::--::--::--::--::--::--::--::--::--::--::--::--::--::-

**ફોજદારી કેસ નં.૨૫૪૬/૨૦૨૫**

**શ્રી સરકાર** :::::::: **ફરિયાદી**

**વિરુધ્ધ**

**અબ્દુલ મામદ ત્રાયા** :::::::: **આરોપી**

**<u>આંક–૧ લગત હુકમ</u>**

આ કામના આરોપી આજરોજ **રાષ્ટ્રીય લોક અદાલત** ના ઉપક્રમે રાખવામાં આવેલ સ્પેશીયલ સીટીંગમાં આ ગુન્હાની કબુલાત કરવા તૈયારી દર્શાવેલ છે. જેથી આ પ્રકારના ગુન્હો જો કબુલ કરશે તેમાં કાયદામાં જે સજા દર્શાવેલ છે તે પ્રકારની સજા થઈ શકે છે તેવી સ્પષ્ટ સમજ કરવામાં આવેલ છે. આરોપીની પ્લી રેકર્ડ કરતાં આરોપીએ તેમની સામેનો ગુનો સ્વાચ્છાએ કબુલ કરેલ છે. આરોપીની રજુઆત મુજબ તેમનો આ પ્રથમ ગુન્હો છે તેઓ કોઈ ગુનાહિત ઈતીહાસ ધરાવતા નથી, જેથી આરોપી પોતાને સજા કરતી વખતે રહેમ દ્રષ્ટી રાખવા અરજ ગુજારેલ છે. નામદાર ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫ ૮૧૯ જી. એલ . આર . પેજ ૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવરભાઈ હરીશચંદ્રજી ઠાકોરના રીપોર્ટેડ રૂલીંગમાં પેટી ઓફેન્સીસ સ્વરૂપના આરોપીના પ્રથમ ગુનાના કામે કોર્ટ આરોપીને કાયદાથી નક્કી થયેલ ઓછામાં ઓછી સજા કરતાં પણ ઓછી ભોગવવાનો હુકમ કરી શકે એવુ જે ઠરાવ્યુ છે તેવી હકીકત લક્ષમાં લેતાં આરોપીની રજુઆત માન્ય રાખીને નીચે મુજબનો આખરી અંતિમ હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુકમ ::–</u>**

આરોપીને ગુજરાત પ્રોહી.એકટની કલમ –૬૫ (એ) (એ) ના ગુન્હામાં તકસીરવાન ઠરાવી રૂા.૨૦૦/– (અંકે રૂપિયા બસો પુરા) નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દિન–૦૨ ની સાદી કેદ ભોગવવાનો હુકમ કરવામાં આવે છે. આ કામે અન્ય આરોપીઓ સામે કેસ પેન્ડીંગ હોઈ મુદામાલ અંગે કોઈ હુકમ કરવામાં આવેલ નથી.

હુકમ તા.૧૩ મી, માહે–ડીસેમ્બર, સને–૨૦૨૫ નારોજ સ્પેશીયલ સીટીંગ લોક અદાલતમાં જાહેર કર્યો.

તા. ૧૩/૧૨/૨૦૨૫
ભુજ–કચ્છ.

**(બી.એન.ત્રિવેદી)**
અધિક જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ(ફ.ક)
ભુજ–કચ્છ.
જી.જે.૦૧૭૬૩